# સિવિલમાં "વ્યવહાર"લેતા કર્મચારીઓ સામે "મજબુર"નહી"મજબુત" બનો

## કડક પગલા ભરવાને બદલે પરિપત્રમાં તંત્ર મજબુર હોવાનો ઉલ્લેખ

ગાંધીનગર,તા.૩૧

રાજયના પાટનગરમાં સરકારી વિભાગોમાં પણ નોકરી કરતા કરાર આધારીત કર્મચારીઓ કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવી નાંખે છે. તાજેતરમાં આ પ્રકારના અનેક કિસ્સા પણ સામે આવ્યા છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં પણ કોઈપણ વ્યકિતને કંઈ પણ કામ કરાવવુ હોય તો વ્યવહાર આપવો પડે છે તેવી ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે હોસ્પિટલમાં મધ માખીની જેમ ખુરશીઓ પર ચીપકીને બેઠેલા આ કર્મચારીઓના વ્યવહારને પગલે હોસ્પિટલની બદનામી થાય તો નવાઈ નહી. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ વ્યવહાર લેતા કર્મચારીઓ સામે લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે તો દર્દીઓ આવે જ છે. જયારે સારવાર લઈ સ્વસ્થ થઈ દર્દીઓ હસતે મોંઢે ઘરે જાય છે. પરંતુ સિવિલના કર્મચારીઓનું કામ હોય કે ખાનગી એજન્સીના કામ હોય વ્યવહાર સિવાય સિવિલમાં ફાઈલ પણ આગળ જતી નથી તેવો શુર ઉઠવા પામ્યો છે. સિવિલનું સરળ કામ હોવા છતા માણસોને સવાર આવો સાંજે આવો તેમ કહી ધક્કા ખવડાવવામાં આવે છે. સિવિલની આ પ્રકારની અનેક ફરીયાદોને પગલે સિવિલના સત્તાધિશે આ અંગે એક પરિપત્ર બહાર પાડ્યો હતો. હોસ્પિટલના ફરજ બજાવતા કમચારીઓને વ્યવહારના રૂપીયા નહી લેવા માટે ટકોર કરાઈ હતી. હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓ કોઈપણ વ્યકિત પાસે પૈસાની માંગણી કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ સિવિલમાં કેટલાક દર્દીઓને દવા કે ઈન્જેકશનનો ડર નથી હોતો તેમ આ વ્યવહાર લેતા કર્મચારીઓને પણ આ પ્રકારના પરીપત્ર કે ઠપકાની કોઈ અસર વર્તાતી નથી. ત્યારે સિવિલ હોસ્પિટલમાં કેટલીક ખુરશીઓ પર મધમાખીની જેમ ચીપકીને બેઠેલા કર્મચારીઓ સામે કડક કાર્યવાહીની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. નહીંતર સિવિલમાં પણ લાખો -કરોડોનું ફુલેકુ ફેરવાઈ જાય તો નવાઈ નહી..!

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં ઈન્વેસ્ટિચર સેરેમની યોજાઈ હતી.



ગાંધીનગર,તા.૩૧

બાળકોને જવાબદારી સોંપવી એ મહત્વપૂર્ણ કાર્ય છે. જેના દ્વારા તેઓ પણ લીડરશીપ નું કૌશલ્ય શીખી શકે છે. તો આ હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા ઈન્વેસ્ટિચર સેરેમની યોજવામાં આવે છે. ઈન્વેસ્ટિચર સેરેમની એ એક એવી તક છે કે જ્યાં સ્ટુડન્ટસ કાઉન્સિલની નવી ચૂંટાયેલી પ્રિફેક્ટ તરીકે નેતૃત્વની ભૂમિકા પ્રાપ્ત કરે છે. અને તેમની ફરજો નિષ્ઠાથી નિભાવવા માટે શપથ લે છે. જે શાળા ને સફળતાના માર્ગ પર લઈ જવા હકારાત્મક અસર કરે છે. મુખ્ય મહેમાન તરીકે શાળાના લીડર્સના પેરેન્ટ્સે હાજરી આપી હતી. શાળાના કેપ્ટન, વાઈસ કેપ્ટન, હાઉસ કેપ્ટન, પ્રિફેક્ટ તથા દરેક વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૩૧

પાટનગરમાં વાહનચોરીના કિસ્સા રોજ બરોજ વધી રહ્યા છે. ચોર શખ્સો રાત્રીના સમયે વાહન ચોરી કરી સિફતપુર્વક નીકળી જાય છે. વાહન ચોર શખ્સો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ એક પછી એક વાહન ચોરીને અંજામ આપી રહ્યા છે. છતા પોલીસ તંત્ર રાત્રીના અંધકારમાં બાઈક ચોરોને પકડવા માટે હવામાં હવાતીયા મારી રહી છે. ત્યારે શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ ખાતે ઘરની આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલુ વધુ એક બાઈક ચોરાયું છે. ત્યારે ઘર પાસેથી હોન્ડા બાઈકની ચોરી મુદ્દે યુવકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ બ્લોક નં.એમ-૪૫-૫૩૮ ખાતે રહેતા મૃગ્રેશ ભરતભાઈ મકવાણા પોતાના પરીવાર સાથે રહે છે અને જય સાઈન્ટીફીક લેબોરેટરી સેકટર-૭ ખાતે છેલ્લા ચાર વર્ષથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. મૃગ્રેશ નોકરીએ આવન જાવન કરવા માટે હીરો ડીલક્ષ એચએફ બાઈક નં.જી.જે.૧૮.સી.એમ.-૨૭૯૨ નો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૬ ના રોજ રાત્રીના આશરે સાડા દશ વાગે મૃગ્રેશ બ્લોકની આગળ ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે પિતાના ઘરે જવાનું હોવાથી સવારે આઠ વાગે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક મળી આવ્યુ ન હતું. યુવકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી મુદ્દે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## બોરિજ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં સન્માન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૩૧

સોશિયલ એક્ટિવિટી ચેરિટેબલ ટ્રસ્ટનાં સહયોગથી બોરિજ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા ભાઈઓ અને દિકરીઓને સ્વ-રક્ષણની તાલીમ સંસ્થાનાં સેક્રેટરી અને કોચ મિલાપ ટાટારિઆ દ્વારા અપાઈ હતી. તેમાં સતત એક મહિના સુધી તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટનાં જાણીતાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા તથા આર્કિટેક્ટચર અને ઈન્ટિરિયર ડિઝાઈનર શચી લેકિનવાલાનાં વરદહસ્તે સર્ટીફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા સાથે દરેક તાલીમાર્થીઓને પક્ષીઓને પીવા માટે પાણીના બાઉલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારે શાળાનાં આચાર્યએ જણાવ્યું હતું કે, દિકરી સ્વ રીતે પોતાનો બચાવ કરી શકે એટલી સક્ષમ આજના સમયમાં આપણે દરેક બાળકીને બનાવવી જરૂરી બની ગઈ છે. ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ મિલાપ ટાટારિઆને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી અને બાળકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ભારત માતા મંદિર ખાતે વિચરતી વિમુકત જાતિની મહાસંમેલનને અનુલક્ષી બેઠક મળી



ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર શહેરમાં આગામી તા.૩૧ ઓગસ્ટના રોજ વિચરતી વિમુકત જનજાતિનું મહાસંમેલન યોજાવાનું છે. જેને અનુલક્ષી શહેરના સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન વિચરતી વિમુકત જ્ઞાતિના આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજયભરમાંથી વિવિધ જ્ઞાતિના આગેવાનો હાજર રહ્યા હતા. મહાસંમેલનને લઈ રણનિતી તૈયાર કરી હતી. વિવિધ આગેવાનોને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. તેઓની મુખ્ય માંગ દેવીપુજક, ચુંવાળીયા, કોળી,રાવળ, યોગી, ગા.લુહાર, વણઝારા,નટ, બજાણીયા, તુરી,સહિત એનટી-ડીએનટી માં સમાવેશ ૪૦ જ્ઞાતિઓને ઓબીસી માટે ફાળવેલી ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત અલગ પાડી આપવામાં આવે, અનામતનો અમલ શિક્ષણ, સરકારી નોકરી, અને બંધારણીય જગ્યાઓ ઉપર ચુંટણી લડવા માટે લાગુ કરવામાં આવે. જો સરકાર તરફથી યોગ્ય નિર્ણય નહી આવે તો આગામી તા.૩૧ ના રોજ છાવણી ખાતે વિચરતી વિમુકત જાતિના હજ્જારો લોકો સંમેલનમાં ઉમટી પડશે.

## ખૂણેખાંચરેથી

● આજે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં જિલ્લામાં ૨૮થી ૩૦ ટકા જ પરીક્ષાર્થી હાજર રહ્યા હતા.

● કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજથી એક પખવાડિયા માટે ઈ.વી.એમ. બી.યુ. સી.યુ. અને વી.વી. પેટનું ફર્સ્ટલેવલ ચેકિંગ શરૂ થશે.

● ગુજરાત પંચાયત સેવા વર્ગ-૩માંથી વિકાસ સેવા વર્ગ-૨ માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા ૨૩, ૨૪, ૨૫ ઓગષ્ટના રોજ યોજાશે.

● સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા વિશ્વ વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● સમર્પણ શાળાના બાળકો દ્વારા શ્રાવણ માસ નિમિત્તે બિલ્વપત્રના વૃક્ષનું વાવેતર કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

● ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સફાઈકામ સાથે સંકળાયેલી ૧૫૦થી વધુ બહેનોને હાઈજેનીક કીટનું વિતરણ કરાયુ હતું.

● કલોલ ન.પા.ની સામાન્ય સભામાં વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં ગઈકાલે રાત્રે થયેલા વરસાદને પગલે શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

● જિલ્લામાં આજથી નારીવંદના ઉત્સવની ઉજવણીનો આરંભ થશે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં મચ્છરોની ઉત્પત્તિ માટેનું વાતાવરણ પ્રવર્તી રહ્યુ હોવાથી વાહકજન્ય રોગચાળાનો ભય ઉભો થયો છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની સીટી બસ સેવાઓની અનિયમિતતા લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.

## શહેરના એસટી ડેપોમાંથી ૨૫ હજારના મોબાઈલની ચોરી

### વિસનગરની બસમાં બેસવા જતા સમયે મુસાફરનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી વિસનગરના વેપારીના રૂ.૨૫ હજારના મોબાઈલની ચોરી થઈ છે. રેડીમેડ કપડાના વેપારી માલ લઈ વિસનગરની બસમાં બેસવા જતા હતા. તે સમયે ભીડભાડ અને ધક્કામુકીનો લાભ લઈ ચોર શખ્સ ખીસ્સામાંથી મોબાઈલ ચોરી કરી ગયો. મોબાઈલ ચોરી અંગે વેપારીએ ઓનલાઈન ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરીના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. ડેપોમાંથી મુસાફરોના મોબાઈલની સાથે કેટલાકના ખીસ્સા પણ હળવા થઈ જાય છે. ત્યારે એસટી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત વિસરાઈ ગઈ છે.

ત્યારે વિસનગર શીવદર્શન સોસાયટી ખાતે રહેતા અને લેડીઝ ડ્રેસીસની દુકાન ચલાવતા જીગ્નેશ જગદીશભાઈ પટેલ ગત તા.૨૮ ના રોજ સવારના સમયે પોતાની પત્નીને લઈ લેડીઝના રેડીમેડ કપડાની ખરીદી માટે ગયા હતા.

અમદાવાદ થી ખરીદી કરી સાંજના પાંચ વાગ્યાના અરસામાં ગાંધીનગર ડેપો ખાતે પ્લેટફોર્મ નં-૩ પાસે બસની રાહ જોઈને ઉભા હતા. તે સમયે જીગ્નેશભાઈના શર્ટના ખીસ્સામાં સેમસંગ કંપનીનો એસ-૨૦ એફઈ મોબાઈલ મુકેલો હતો. તે દરમિયાન વિસનગર તરફ જતી બસ આવતા જીગ્નેશભાઈ બસમાં બેસવા જતા સમયે મુસાફરોની ભીડમાં ધક્કામુકીમાં મોબાઈલ ચોરી થઈ ગયો હતો. બસમાં બેસીને મોબાઈલ ચોરી થવાની જાણ થતા તેમના પત્નિના ફોન થી ફોન કરતા મોબાઈલ બંધ આવી રહ્યો હતો. મુસાફરનો રૂ.૨૫ હજારની કિંમતનો સેમસંગ કંપનીનો ફોન ચોરી થઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## સાદરા સંકુલમાં ૧૪૨મી પ્રેમચંદ જયંતી ઉજવાઈ



ગાંધીનગર, તા. ૩૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં ૧૪૨મી પ્રેમચંદ જયંતી ઉજવાઈ. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ હિન્દી વિષયના પ્રાધ્યાપક ડૉ. ગેલજી ભાટીયા અને ડૉ. ગાયત્રી દત્ત મહેતાના આયોજન થકી પ્રેમચંદ વિશેના જીવન પ્રસંગો, વાર્તાસંગ્રહો, સાહિત્યલેખન-ઐતિહાસિક તેમજ સામાજિક લેખનોના જુદા જુદા ભાગોનું વર્ણન હિન્દી વિષયના વિદ્યાર્થીઓ દ્વારા કરાયું જેમાં સીમા સોલંકી, ગીતા કલારા, રાહુલ ઓળકીયા, લક્ષ કટારા, નરેન્દ્ર તરાળનો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડૉ. ગાયક્ષીદત્ત મહેતા અને આભાર દર્શન ડૉ. ગેલજી ભાટીયાએ કર્યું હતું.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મકુમારી કેન્દ્ર, રાયસણ દ્વારા રક્ષાબંધનની ઉજવણી



ગાંધીનગર,તા.૩૧

બ્રહ્મમા કુમારી કેન્દ્ર રાયસણ રંગજનદીદી ના અધ્યક્ષ તા મા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ગાંધીનગર દ્વારા ઐલોકિક રક્ષાબંધન ની ઊજવણી મા મુખ્ય સંગઠક ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી.એડવોકેટ .સુનીલદાસજી મહારાજ .ગાંધીનગર ના પ્રમુખ સુનિલ ત્રિવેદી.યુવા પ્રમુખ જીગર રાવલ .મહિલા પ્રમુખ અને નગરસેવક છાયા ત્રિવેદીનગર, સેવક, શૈલાબેન ત્રિવેદી, તથા સમાજ ના અગ્રૃણીઓ મોટી સંખ્યામા હાજર રહ્યા હતા અશ્વિન ત્રિવેદી.એડવોકેટે સમાજના તમામ વર્ગ ની રક્ષા બ્રહ્મમ સમાજે કરવા જણાવેલ રંજનદીદી એ સમાજ ને વ્યસન મુક્ત બનવા શપથ લેવા જણાવ્યુ હતુ. તમામ આયોજન બૃહમાકુમારી રાયસણ દ્વારા કરવામાં આવ્યુ હતુ. મોટી સંખ્યા મા બૃહમ બંધુઓ હાજર રહી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

## ચિલોડા અશ્વમેઘ કોમ્પ્લેક્ષ પાછળથી પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

ચિલોડા ચાર રસ્તા પાસે આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા પાંચ શખ્સોને રૂ.૧૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શ્રાવણ માસના પ્રારંભિક તબક્કામાં જ જુગારની મૌસમ ખીલી ઉઠી હોય તેમ લાગી રહ્યું છે. જુગારીઓ એકાંતવાળી જગ્યામાં બાજી માંડીને બેસી જાય છે. ત્યારે જુગારની પ્રવૃતિને નાબુદ કરવા માટે પોલીસની ટીમો પણ દરોડા પાડી રહી છે. ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળતા ચિલોડા ચોકડી પાસે આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષની પાછળ કુંડાળુ વળીને જુગાર રમી રહેલા જુગારીઓ પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે જુગાર રમી રહેલા લાલાજી લક્ષ્મણજી ઠાકોર, જીજ્ઞેશ મંગાભાઈ રાવળ, ઈશ્વરજી જુહાજી ઠાકોર, સચિન આત્મારામ મેસરીયા (તમામ મહુન્દ્રા ગામ) અને હિતેશ શંકરલાલ બાથમ (રહે. રાયપુર ગામ હડાવાળો વાસ તા ગાંધીનગર) ને પકડી પાડ્યા હતા. જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૬,૫૦૦ તેમજ પાંચ મોબાઈલ કિં.૧૨,૫૦૦ મલી કુલ રૂ.૨૮,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


हर घर तिरंगा
તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ-૨૦૨૨

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ
હર ઘર તિરંગા ૧૩-૧૫ ઓગસ્ટ ૨૦૨૨

રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને ઓગસ્ટ-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઓગસ્ટ મહિનાનું નિયમિત વિતરણ
તા.૦૧.૦૮.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ચણા | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા (૫૦ વિકાસશીલ તાલુકાઓમાં) | ૩૦.૦૦ |
| ૭ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૮ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૯ | તહેવાર નિમિત્તે ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૧૦ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૧૧ | તહેવાર નિમિત્તે ખાદ્યતેલ (સીંગતેલ) | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ લીટર | ૧૦૦.૦૦ |
| ૧૨ | ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૩ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

રાજ્યના NFSA હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૪ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૧ ઓગસ્ટ થી કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

"અન્નબ્રહ્મ યોજના"

ભૂખમરા અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા માટે રેશનકાર્ડ ન ધરાવતા, ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ, અત્યંત ગરીબ/અશક્ત, નિરાધાર વ્યક્તિ, હોસ્પિટલના બિછાને પડેલ જરૂરિયાતમંદ દર્દી, વ્યક્તિ-કામદાર અને અનાથ બાળકોને અન્ન પૂરું પાડવાનાં હેતુસર વ્યક્તિદીઠ ૧૦ કિલો ઘઉં તથા ૫ કિલો ચોખા રાજ્ય સરકારની "અન્નબ્રહ્મ યોજના" હેઠળ વિનામૂલ્યે મળવાપાત્ર છે

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

MY RATION Mobile Application

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.